

# The Regime of Love

## Agna Bhakti & Atma Siddhi
## Translation and Transliteration

SHREE
Raj Saubhag
Satsang Mandal



**આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.**

There is no affliction like self-delusion and no doctor as skilled as a True Guru. There is no regimen like a True Guru's guidance and no medicine like contemplation and meditation.

- Shrimad Rajchandra Atma Siddhi Verse 129

Publisher : Publication Committee
Shree Raj Saubhag Satsang Mandal
Saubhagpara, Sayla - 363 430, Dist. Surendranagar, Gujarat, India.

* All rights reserved for this book by Publication committee

Current Edition: E-book (2019)
Previous Editions: 1st Edition (2015), 2nd Edition (2018)

Available at : Shree Raj Saubhag Satsang Mandal
Shree Raj Saubhag Ashram,
Saubhag Para, Sayla - 363 430.
District Surendranagar, Gujarat, India
Tel.: +91-2755-280533
Telefax : +91-2755-280791
e-mail: ashram@rajsaubhag.org
website: www.rajsaubhag.org/the-regime-of-love

# Contents


| | Gujarati Title | Transliteration | Translation | Page |
|---|---|---|---|---|
| | | | Preface | 7 |
| 1. | મંગલાચરણ | Mangalaacharan | Auspicious Dedication and Invocation | 12 |
| 2. | જિનેશ્વરની વાણી | Jineshvarne Vaanee | The Words of the Jina | 14 |
| 3. | પ્રાતઃકાળની ભાવનાનાં પદો | Praatahakaalnee Bhaavnaanaan Pado | Poems for Reflection in the Early Hours | 16 |
| 4. | ત્રણ માળા | Tran Maalaa | Three Rounds of the Rosary | 18 |
| 5. | આત્મ જાગૃતિનાં પદો | Aatma Jaagrutinaan Pado | Verses to Awaken the Soul | 20 |
| 6. | જડ અને ચૈતન્ય | Jad ane Chaitanya | Matter and Consciousness | 22 |
| 7. | શ્રી સદ્‌ગુરુ ભક્તીરહસ્ય | Shree Sadguru Bhaktirahasya | The True Essence of Devotion to the True Guru | 26 |
| 8. | કૈવલ્યબીજ શું? | Kaivalyabeej Shun? | What is the Seed of Enlightenment? | 31 |
| 9. | ક્ષમાપના | Kshamaapanaa | Seeking Forgiveness | 35 |
| 10. | છ પદનો પત્ર | Chha Padno Patra | The Letter of Six Affirmations | 38 |
| 11. | વીતરાગનો કહેલો માર્ગ | Veetraagno Kagelo Maarg | The Path Preached by the Equanimously Detached Lord | 50 |
| 12. | પ્રાતઃકાળની સ્તુતિ | Praatahakaalnee Stuti | Early Morning Hymns | 52 |
| 13. | વંદન તથા પ્રણિપાતસ્તુતિ | Vandan Tathaa Pranipaatstuti | Obeisance and Final Prayer | 60 |
| 14. | સાયંમકાળની સ્તુતિ તથા દેવવંદન | Saayamkaalnee Stuti Tathaa Devvandan | Evening Hymns and Veneration of the Lord | 64 |
| 15. | આત્મ-સિદ્ધિ શાસ્ત્રની સ્તુતિ | Aatma-Siddhi Shastra Stuti | In Praise of Atma-Siddhi Scripture | 75 |
| 16. | આત્મ-સિદ્ધિ શાસ્ત્ર | Aatma-Siddhi Shastra | Atma-Siddhi Text | 76 |
| | | | Pronunciation Guide | 156 |



# Preface

The Regime of Love.

This book, the Regime of Love, is a collection of prose and poetry about the highest form of love, selfless devotion.

Love is the very heart, the very essence, of devotion. Love inspires, motivates, purifies, elevates and ennobles us.

The book explores and celebrates the impact of love.

It is in this sublime love, in the form of faith and devotion towards the True God, True Guru and True Dharma, that lies the path to Moksha.

Love for the True Guru encompasses love for the True God and True Dharma, for he is the embodiment, the exemplar of Truth.

We celebrate the presence of a true living guru in our lives. As we dedicate our lives to the True Guru, to the path taught by the True Guru, he compassionately creates a daily regimen of spiritual activities for us and instructs us to follow it. If we observe this regime diligently, our striving will be in accordance with truth. By following his regimen we actually celebrate his presence in our lives.

With dedication, devotion and trust, our love for the path and the guru grows. We surrender our hubris and self-righteousness at his lotus feet.
Shrimad speaks of this regimen in Atma-Siddhi verse 129:

ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ
Guru aagnaa sama pathya nahi
There is no regimen like a True Guru's guidance.

The Guru's instruction (aagnaa) includes the daily recitation of the poems and prose in this book. The instruction is not mere recitation but contemplation, exploration and immersion in love.


We pray and hope that this regime becomes your daily dose of pure love.

Shree Raj Saubhag Satsang Mandal
Publication Committee



Even though these translations appear to make the text accessible in English, its true meaning can only be understood directly from
a self-realised True Guru.

Joyfully dedicated to our beloved True Guru, Param Pujya Bhaishree, on the occasion of his 75th birthday and 25th anniversary of his anointment, with the late Param Pujya Gurumaa, as Guru.



## શ્રીમદ્ સદ્ગુરવે નમોનમઃ

Shreemad sadgurave namonamaha

Obeisance to the venerable True Guru

## પ્રાતઃકાળની ભક્તિ

Praatahakaalnee Bhakti

Devotional poems for the early hours



# 1. મંગલાચરણ

## 1. Mangalaacharan
## Auspicious Dedication and Invocation

અહો શ્રી સત્પુરુષકે વચનામૃતમ્ જગહિતકરમ્,
મુદ્રા અરુ સત્ સમાગમ સુતિ ચેતના જાગૃતકરમ્;

Aho shree satpurushke
vachanaamrutam jagahitakaram,
Mudra aru satsamaagam
suti chetanaa jaagrutakaram;

Behold the nectar-like words
of the personification of truth,
which uplift the world.
His divine countenance and
his company awaken the
slumbering consciousness. (1)

ગિરતી વૃત્તિ સ્થિર રખે દર્શન માત્રસે નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક સકલ સદ્ગુણ કોષ હૈ.

Giratee vrutti sthir rakhe
darshan maatrase nirdosh hai,
Apoorva svabhaavke prerak,
sakal sadgun kosh hai;

They still the wandering
inclinations of the mind and
merely the sight of them is
purifying.
They inspire unprecedented
insight into our true nature, and
are a treasury of all virtues. (2)

સ્વસ્વરૂપકી પ્રતીતિ અપ્રમત્ત સંયમ ધારણમ્,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણમ્;

Svasvaroopki prateeti
apramatt sanyam dhaaranam,
Pooranpane veetaraag
nirvikalpataake kaaranam;

They inspire faith and realisation
of our true nature and enable us to
practice restraint without laxity.
In their completeness they
cause pure total equanimous
detachment and unwavering
stillness in the self. (3)

અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ
અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈ;

Ante ayogee svabhaav jo
taake pragat karataar hai,
Anant avyaabaadh svaroopmen
sthiti karavanhaar hai;

They facilitate manifestation
of our true nature, finally free
of mental, verbal and bodily
association.
They cause us to rest in our
eternal, boundless nature. (4)

**સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,**
**સત્ દેવ ધર્મ સ્વરૂપદર્શક સુગુરુ પારાવાર હૈ;**

Sahajaatma sahajaanand aanandaghan
naam apaar hai,
Sat dev dharma svaroopdarshak
suguru paaravaar hai;

"Sahajaatma (effortlessly manifest self), Sahajaanand (naturally blissful), Aanandaghan (charged with bliss)" are the countless names of the infinite virtues.
Oh the True Guru who casts light on the True God and the True Faith. (5)

**ગુરુભક્તિસે લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,**
**ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ.**

Gurubhaktise laho teerthapatipad
shaastramen vistaar hai,
Trikaal jayavant varto
shree guru raajne namaskaar hai

Numerous scriptures state that devotion to a True Guru helps us achieve an inner state similar to a Tirthankar.
Victory to them! I bow down to my True Guru. (6)

**એમ પ્રણમી શ્રીગુરુરાજકે પદ આપ-પરહિતકારણમ્,**
**જયવંત શ્રી જિનરાજ વાણી કરું તાસ ઉચ્ચારણમ્;**

Em pranamee shreegururaajke pad
aap-parahitakaaranam,
Jayavant shree Jinaraaj vaanee
karun taas uchchaaranam;

Thus I praise the guru, spiritual king, who uplifts the self and all souls,
Praise be to the words of Lord Jina, I recite them regularly. (7)

**ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે,**
**શ્રી રત્નત્રયની ઐક્યતા લહી સહી નિજપદ લહે.**

Bhavbheet bhavik je bhane
bhaave sune samaje sadhe,
Shree ratnatrayanee aikyataa
lahee sahee so nijapad lahe.

The world-weary souls, seeking liberation, who study, listen to, understand and believe,
Realise the three jewels in harmony within themselves and thus realise self. (8)

Drawing from Shrimad Rajchandra Vachanamrut Letter 875, Page 634

# 2. જિનેશ્વરની વાણી

2. Jineshvarnee Vaanee

The Words of the Jina

(મનહર છંદ) (Manahar Chhand) ("Manahar" metre)

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે;
સકલ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;

Anant anant bhaav bhedthee bharelee bhalee,
Anant anant nayanikshepe vyaakhyaanee chhe;
Sakal jagat hitakaarinee haarinee moh,
Taarinee bhavaabdhee mokshachaarinee
pramaanee chhe;


Full of infinite meaning and
beneficial
They are verbalised through
infinite viewpoints and
analytical perspectives;
They uplift the whole world, by
defeating the cause of delusion,
Powerful enough to lift us across
the ocean of worldly existence
and lead us to moksha (1)

ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઇ મેં માની છે;
અહો! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.
(ગુરુરાજ તણી વાણી જાણી તેણે જાણી છે.)

Upamaa aapyaanee jene
tamaa raakhvee te vyartha,
Aapvaathee nij mati
mapaai men maanee chhe;
Aho! Raajachandra, baal
khyaal nathee paamtaa e,
Jineshvar tanee vaanee
jaanee tene jaanee chhe.
(Gururaaj tanee vaanee
jaanee jene jaanee chhe.)

It is not worth trying to
compare it.
Doing so would merely reflect
our own limited minds.
Oh! Says Rajchandra:
Innocent novice seekers, due
to their delusions, are
not able to understand this.
Only a rare few souls
understand the words of a
Jina,and they can be practiced
so as to attain Moksha.
(Lord Jineshvar's true religion
can be rightly understood from
a self-realised True Guru
whose life epitomises that
religion.) (2)

Mokshmaalaa Sikshaapaath 107, Vachanaamrut Letter 17, Page 132



# 3. પ્રાતઃકાળની ભાવનાનાં પદો

3. Praatahakaalnee Bhaavnaanaan Pado

Poems for Reflection in the Early Hours

તીન ભુવન ચૂડા રતન, સમ શ્રી જિનકે પાય;
નમત પાઈએ આપ પદ, સબ વિધિ બંધ નશાય.

Teen bhuvan choodaa ratan,
sam shree Jinake paay;
Namat paaie aap pad,
sab vidhi bandh nashaay.

The most precious gem in all three worlds, Chudaaratna, may be likened to the Jina's lotus feet. Paying homage leads to self-realisation. It is his shelter that will destroy all the means by which bondage is caused. (1)

આસ્રવ ભાવ અભાવતેં, ભયે સ્વભાવ સ્વરૂપ;
નમો સહજ આનંદમય, અચલિત અમલ અનૂપ.

Aasrav bhaav abhaavten,
bhaye svabhaav svaroop;
Namo sahaj aanandamay,
achalit amal anoop.

By removing the causes of karmic influx, you have attained your true nature.
I revere you: naturally blissful, unwavering, pure, incomparable. (2)

કરી અભાવ ભવભાવ સબ, સહજ ભાવ નિજ પાય;
જય અપુનર્ભવ ભાવમય, ભયે પરમ શિવરાય.

Karee abhaav bhavbhaav sab,
sahaj bhaav nij paay;
Jay apunarbhav bhaavmay,
bhaye param shivaraay.

Removing the inclinations which cause rebirth, naturally remaining in your true nature.
Victorious, free from the cycle of rebirth, you are in the highest state, a pure (kingly) Siddha (liberated soul). (3)

કર્મ શાંતિ કે અર્થી જિન, નમો શાંતિ કરતાર;
પ્રશમિત દુરિત સમૂહ સબ, મહાવીર જિન સાર.

Karma shaanti ke arthee Jina,
namo shaanti kartaar;
Prashamit durit samooh sab,
Mahaaveer Jina saar.

Praise be to the Lord Jina, who has becalmed the discomfort of karmas.
Destroying all suffering is the essence of Lord Mahavira's message. (4)

**જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;**
**એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર.**

Gnaan dhyaan vairaagyamay,
uttam jahaan vichaar;
E bhaave shubha bhaavnaa,
te ootare bhav paar.

One immersed in wisdom, meditation and detachment, whose thoughts are noble, Experiences auspicious feelings, and transcends rebirth. (5)

This last verse appears in Shrimad Rajchandra Vachanaamrut at the end of Bhavana Bodh, Letter 16, Page 56

# 4. ત્રણ માળા

4. Tran Maalaa

Three rounds of the rosary

{દરેક પદની એક માળા}

(Darek padnee ek maalaa)

(One round for each verse)

## (૧) સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ.

1. Sahajaatma svaroop param guru.

(A soul) gracefully still in his true nature is the foremost guru.

## (૨) આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળ જ્ઞાન રે.

2. Aatam bhaavnaa bhaavtaan jeev lahe keval gnana re.

One contemplating the foundational virtues of the soul,

will eventually experience it and attain omniscience.

(Shrimad Rajchandra Vachanaamrut Letter 474, Page 387.)

## (૩) પરમ ગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ.

3. Param guru nirgranth sarvagna dev.

The foremost guru is totally unfettered and totally enlightened.

સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ આતમ ભાવના ભાવતા જીવ
લહે કેવળ જ્ઞાન રે પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ
સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ આતમ ભાવના ભાવતા
જીવ લહે કેવળ જ્ઞાન રે સહજાત્મ સ્વરૂપ પરમ
ગુરુ આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળ જ્ઞાન રે આતમ
ભાવના ભાવતા જીવ લહે કેવળ જ્ઞાન રે સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ
સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ પરમગુરુ નિર્ગ્રંથ
સર્વજ્ઞ દેવ આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળ જ્ઞાન રે
આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળ જ્ઞાન રે પરમગુરુ
નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ સહજાત્મ
સ્વરૂપ પરમ ગુરુ સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ સહજાત્મ સ્વરૂપ પરમ
ગુરુ સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ આતમ ભાવના ભાવતા જીવ લહે
કેવળ જ્ઞાન રે પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ સહજાત્મ
સ્વરૂપ પરમ ગુરુ પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ
આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળ જ્ઞાન રે સહજાત્મ
સ્વરૂપ પરમ ગુરુ સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ આતમ ભાવના ભાવતા
જીવ લહે કેવળ જ્ઞાન રે સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ સહજાત્મ

# 5. આત્મ જાગૃતિનાં પદો

5. Aatma Jaagrutinaan Pado

Verses to Awaken the Soul

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ  અસંયુક્ત,
જલ-કમળ, મૃત્તિકા, સમુદ્ર, સુવર્ણ, ઉદક ઉષ્ણ,
ઉષ્ણ ઉદક જેવો રે આ સંસાર છે;
તેમાં એક તત્ત્વ મોટું, રે સમજણ સાર છે.

Abaddhasprusht, ananya,
niyat, avishesh asanyukt,
Jal-kamal, mruttikaa,
samudra, suvarna, udak ushna.
Ushna udak jevo re aa sansaar chhe,
Temaan ek tattva motun,
re samajan saar chhe.

The soul is unbounded,
indestructible, incomparable,
eternal, perfectly complete,
distinct,
Standing out like a lotus in a
pond, an ocean of wisdom, pure
as gold, yet mired in worldly
existence.
This worldly existence is
seething with the heat of
suffering.
The essence of knowledge is to
realise the soul. (1)

શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલી કરે,
શુદ્ધતામેં થિર વ્હે અમૃતધારા વરસે.

Shuddhtaa vichaare dhyaave,
shuddhtaamen kelee kare,
Shuddhtaamen thir vhe
amrutdhaaraa varase.

Thinking, meditating, on
purity, immersing oneself in
pure ecstasy,
Becoming still in purity,
causes the flow of the nectar
of immortality. (2)

Verse 2 is from Shrimad Rajchandra Vachanaamrut Letter 326, Page 316
quoting Samaysaar Naatak by Banarasidas.

એનું સ્વપ્ને જો દર્શન પામે રે,
તેનું મન ન ચઢે બીજે ભામે રે;
થાય સદ્‌ગુરુનો લેશ પ્રસંગ રે,
તેને ન ગમે સંસારીનો સંગ રે.

Enun svapne jo darshan paame re,
Tenun man na chadhe beeje bhaame re;
Thaay sadguruno lesh prasang re,
Tene na game sansaareeno sang re.

Even in his dreams, one who sees soul,
His mind never wanders elsewhere.
Encountering even momentarily a True Guru,
He disdains the society of the worldly. (3)

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,
મારું જીવ્યું સફળ તવ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે,
સંતો જીવનદોરી અમારી રે.

Hasataan ramataan pragat Hari dekhun re,
Maarun jeevyun safal tav lekhun re;
Muktaanandano naath viharee re,
Santo jeevanadoree amaree re.

Even while laughing, playing, I see the Lord-soul manifest
I thus count my life as blessed.
The Lord, liberated, blissful, ever-present in knowledge,
all saints lead my life to realise him within. (4)

Verse 4 is from the Uddhav Gita by Muktanand and a version is cited by Gandhiji in his Autobiography.

# 6. જડ અને ચૈતન્ય

6. Jad ane Chaitanya

Matter and Consciousness

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;

Jad ne chaitanya banne
dravyano svabhaav bhinna,
Suprateetpane banne
jene samajaay chhe;

Matter and consciousness are both
distinct substances by nature,
For one who understands them
both inwardly;

સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;

Svaroop chetan nij,
jad chhe sambandh maatra,
Athavaa te gney pan
pardravyamaayn chhe;

Consciousness is one’s own
nature, while matter is merely an
association,
An object of knowledge and thus
a separate substance;

એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થઇ છે;

Evo anubhavno
prakaash ullaasit thayo,
Jadthee udaasee tene
aatmavrutti thai chhe;

One in whom such a direct
experience has arisen,
Experiences inclinations of
indifference towards matter, and
attraction towards spirituality;

કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે.

Kaayaanee visaaree maayaa,
svaroope samaayaa evaa,
Nirgranthno panth
bhav-antno upaay chhe.

Forgetting the delusion of the
body, becomes still in the self.
This is the path of the Unfettered
One, leading to the end of rebirth.
(1)

દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;

Deh jeev ekroope
bhaase chhe agnaan vade,
Kriyaanee pravrutti pan
tethee tem thaay chhe;

Body and soul appear to be one,
due to our false understanding,
And this leads to engagement in
activity;

જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;

Jeevnee utpatti ane
rog, shok, dukh, mrutyu,
Dehno svabhaav jeev
padmaan janaay chhe;

The soul's apparent birth, illness,
sorrow, suffering, death,
Are the body's nature, but
considered to be the soul;

એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;

Evo je anaadi
ekaroopno mithyaatvabhaav,
Gnaaneenaan vachan vade
door thai jaay chhe;

Such a sense of misidentification
since time immemorial,
Is removed by the words of a self-realised one;

ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.

Bhaase jad chaitanyano
pragat svabhaav bhinna,
Banne dravya nij nij
roope sthit thaay chhe.

When we experience the
manifestly independent natures of
matter and consciousness,
We realise both substances as
firmly distinct in their true nature.
(2)

Shrimad Rajchandra Vachanamrut Letter 902, Page 642

**મહત્તત્વ મહનીયમહ: મહાધામ ગુણધામ,**
**ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ.**

Mahattatva mahaneeyamahah mahaadhaam gunadhaam,
Chidaanand paramaatamaa, vando ramataa raam.

Oh glorious one! Worshipful, divinely great shelter, treasury of virtues,
Consciously blissful, ultimate soul, I revere you as you reside in your ecstasy.



# Introduction to the Next Two Poems

What joy there is in experiencing the soul, our own eternal bliss! The glorious and momentous first meeting between Shrimad and Saubhagbhai took place towards the end of Shrimad's 23rd year. It was shortly after this that he attained Self-Realisation. His poetic prowess and mastery of language were now drenched with the direct experience of his own inner bliss and joy. The letters during this time reflect this unprecedented state. Shrimad expresses a celebration of his own state and jubilation at obtaining the rare path to unending happiness. He writes movingly of the path of devotion and he marks out clear aspects of the path to moksha.

Already immersed in his true nature, the holy festival of Paryushan allowed Shrimad the rare chance to retreat from outward worldly activity. For the Paryushan of Vikram Samvat 1947, Shrimad asked his disciple Ambalalbhai to find a quiet peaceful place near the city of Khambhat where he could reside anonymously. It was Raalaj where he would spend this time of solitude and contemplation. He remained there relishing his inner ecstasy and free from all other distracting associations until after Paryushan. We can only imagine the depth of introspection and the heights of spirituality experienced at this time! As if to afford us a glimpse into this incomparable and indescribable time, Shrimad gifted the world four immortal poems. Two of these compositions appear in this book, The Regime of Love. In "Shree Sadguru Bhaktirahasya" or "The True Meaning of Devotion to the True Guru" the true seeker can introspect, in its 20 couplets (vis doharaa), on the habits of mind and conduct which hinder his progress and his devotion to a True Guru. These are obstacles at every level of our journey and, by reciting the poem, the seeker states that they still hinder him, leading to the utmost humility. It focuses on faults, as an act of self-compassion, to help us remove these faults and reveal the greatness within.  "Kaivalyabeej Shun?" or "What is the Seed of Enlightenment?" (also known as "Yama-Niyam"), lists many of the wrong means we have adopted to attain enlightenment and explains the importance of instructions from a True Guru to make these efforts fruitful, including the esoteric insight which only a living True Guru can bestow.

# 7. શ્રી સદ્ગુરુ ભક્તિરહસ્ય

7. Shree Sadguru Bhaktirahasya

The True Meaning of Devotion to the True Guru

(દોહરા) (Doharaa) (Couplets)

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.

He prabhu! He prabhu! Shun kahun,
deenaanaath dayaal;
Hun to dosh anantanun,
bhaajan chhun karunaal.

Oh Lord! What can I say?
You are the compassionate lord
of the lowly, my lord.
From time immemorial I am full
of faults. So please bestow your
compassionate grace on me. (1)

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ?

Shuddh bhaav mujamaan nathee,
nathee sarva tujaroop;
Nathee laghutaa ke deentaa,
shun kahun paramsvaroop?

I do not possess purity
of inclination, nor have I
surrendered all to you.
I am neither modest nor humble.
What can I say to you, Oh Lord
of highest nature? (2)

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં.

Nathee aagnaa gurudevnee,
achal karee uramaanheen;
Aap tano vishvaas dradh,
ne paramaadar naaheen.

The instructions of my True Guru
are not firmly embedded in my
heart.
I do not have firm faith in you,
nor the utmost respect. (3)

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ.

Jog nathee satsangno,
nathee satsevaa jog;
Keval arpantaa nathee,
nathee aashray anuyog.

I am not worthy of the company
of Truth, nor can I serve the
personification of Truth.
I do not have total dedication, nor
can I remain continuously in your
shelter. (4)

‘હું પામર શું કરી શકું?’ એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.

‘Hun pamaar shun karee shakun?’
evo nathee vivek;
Charan sharan dheeraj nathee,
maran sudheenee chhek.

I do not have the humility and sense to realise: “What can a lowly soul like me do vainly by myself?”
I do not have the perseverence it takes to remain steadfastly at your feet until death. (5)

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.

Achintya tuj maahaatmyano,
nathee prafullit bhaav;
Ansh na eke snehno,
na male param prabhaav.

I do not realise your greatness, and I do not delight in your shelter.
I possess not even an ounce of resultant love and so remain untransformed. (6)

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ.

Achalaroop aasakti nahi,
naheen virahno taap;
Kathaa alabh tuj premnee,
nahi teno paritaap.

I lack unwavering devotion, and do not feel the heat of separation. Great saints struggled to attain your love. Yet their tales do not motivate me. (7)

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન.

Bhaktimaarg pravesh nahi,
naheen bhajan dradh bhaan;
Samaj naheen nij dharmanee,
nahi shubh deshe sthaan.

I have not embarked on the path of devotion, and do not know how to conduct myself in it.
I do not understand my own nature and do not reside in a conducive place. (8)

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.

Kaaldosh kalithee thayo,
nahi maryaadaadharma;
Toy naheen vyaakultaa,
juo prabhu muj karma.

I know these are dark ages and that the ways of discipline and restraint are lost.
Despite that, I am not disturbed.
Oh Lord! Look at the state of my Karma! (9)

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ.

Sevane pratikool je,
te bandhan nathee tyaag;
Dehendriya maane naheen,
kare baahya par raag.

Obstacles to true devotion arise within me due to karmic bondage, and I have not renounced them.
My body and senses pay me no heed and are engrossed in outer worldly objects (10)

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં.

Tuj viyog sfurto nathee,
vachan nayan yam naaheen;
Nahi udaas anabhaktathee,
tem gruhaadik maanheen.

Your absence does not perturb me,
I do not comply with your words.
I do not observe the perspective and discipline you have imparted.
I am neither detached from those without devotion, nor from family affairs. (11)

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ.

Ahambhaavthee rahit nahi,
svadharma sanchay naaheen;
Nathee nivrutti nirmalpane,
anya dharmanee kaain.

Neither free of ego, nor aware of my true nature
I have not purified myself by distancing myself from substances of different nature. (12)

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય?

Em anant prakaarthee,
saadhan rahit huyn;
Naheen ek sadgun pan,
mukh bataavun shuyn?

I am bereft of the means to devotion in an infinite number of ways
Thus I am without a single virtue.
How can I face you? (13)

કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ.

Keval karunaa-moorti chho,
deenabandhu deenanaath;
Paapee param anaath chhun,
graho Prabhujee haath.

You are total compassion embodied, friend and master of the lowly.
Sinful, I am completely orphaned, please take me by the hand, O Lord. (14)

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન.

Anant kaalthee aathadyo,
vinaa bhaan Bhagvaan;
Sevyaa nahi guru santne,
mookyun nahi abhimaan.

Since time immemorial I have wandered aimlessly, ignorantly, O lord!
Without serving a saintly guru, nor abandoning ego. (15)

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.

Sant charan aashray vinaa,
saadhan karyaan anek;
Paar na tethee paamiyo,
oogyo na ansh vivek.

Without the shelter of a saint, I have practiced many means.
Through them I have neither crossed the ocean of worldly existence, nor gained an ounce of the necessary discrimination. (16)

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?

Sahu saadhan bandhan thayaan,
rahyo na koi upaay;
Sat saadhan samajyo naheen,
tyaan bandhan shun jaay?

All these means have bound me further and I have no alternatives left.
I have not understood the true means, so how could bondage cease? (17)

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?

Prabhu Prabhu lay laagee naheen,
padyo na sadguru paay;
Deethaa nahi nij dosh to,
taree-e kon upaay?

I have not felt the intense calling of you my Lord, nor, absorbed in devotion, have
I fallen at the feet of a True Guru.
Having not identified my own shortcomings, how can I expect the means to save me? (18)

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?

Adhamaadham adhiko patit,
sakal jagatmaan huyn;
E nischay aavyaa vinaa,
saadhan karshe shuyn?

I am the lowest of the low, the lowliest in the world.
Without such humility of belief, how can any means (to Moksha) achieve anything at all? (19)

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ.

Padee padee tuj padpankaje,
faree faree maagun e ja;
Sadguru sant svaroop tuj,
e dradhtaa karee de ja.

I bow at your feet again and again, I beseech you repeatedly:
Please firmly establish the belief in me that your
nature is embodied in the True Guru. (20)

Shrimad Rajchandra Vachanamrut Letter 264, Page 295

# 8. કૈવલ્યબીજ શું?

8. Kaivalyabeej Shun?

What is the Seed of Enlightenment?

{તોટક છંદ}

(Totak Chhand)

("Totak" metre)

યમનિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો.

Yamaniyam sanjam aap kiyo,
puni tyaag biraag athaag lahyo;
Vanvaas liyo mukh maun rahyo,
dradh aasan padma lagaay diyo.

I have practiced vows, codes of conduct and restraint by myself.
Even renunciation and detachment I have strongly taken many times,
Retreated into the forest, observed silence,
Firmly sat in lotus position. (1)

મન પૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.

Man paun nirodh svabodh kiyo,
hathjoga prayog su taar bhayo;
Jap bhed jape tap tyaunhi tape,
ursenhi udaasee lahee sabpen.

I have silenced my mind by my own methods,
Practiced Hatha Yoga and concentrated hard,
Conducted various forms of recitation and austerity,
and made my heart indifferent to all things. (2)

સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

Sab shaastranake nay dhaari hiye,
mat mandan khandan bhed liye;
Vaha saadhan baar anant kiyo,
tadapi kachhu haath haju na paryo.

I have considered the scriptures
from all viewpoints,
But have done so with the
perspective of establishing one sect
over another.
Such methods I have followed since
time immemorial,
But I have yet to lay my hands on
the Truth. (3)

અબ ક્યોં ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે?

Aba kyaun na bichaarat hai manasen,
kachhu aur rahaa un saadhanasen?
Bin sadguru koy na bhed lahe,
mukh aagal hain kaha baat kahe?

So I must now, after all this,
conclude that
There remains something beyond
these methods.
Without a True Guru no one can tell
the essence,
What more is there to say? It is all
within you. (4)

કરુના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં.

Karunaa ham paavat he tumkee,
vaha baat rahee suguru gamkee;
Palamen pragate mukh aagalsen,
jab sadgurucharna suprem basen.

I need you to bestow your grace
upon me,
Only then will I understand
Gurugam (technique of meditation,
taught by a living True Guru);
In a moment it will manifest itself in
front of me,
When supreme love for the True
Guru's lotus feet is ingrained in my
heart. (5)

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો.

Tansen, mansen, dhansen, sabsen,
gurudevkee aan sva-aatma basen;
Tab kaaraj siddh bane apno,
ras amrut paavahi prem ghano.

With the body, mind, wealth and
my all being yours,
may the Lord's command abide in
my heart.
Filled with love and worship,
I will drink the nectar of
immortality. (6)

વહ સત્ય સુધા દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દૃગસે મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી,
ગહિ જોગ જુગોજુગ સો જીવહી.

Vaha satya sudha darashaavahinge,
chaturaangul he dragase milahe;
Ras dev niranjan ko pivahee,
gahi jog jugojug so jeevahee;

He will show the true nectar of
immortality,
Which will be captured in your gaze.
As you drink the divinely pure
nectar,
you will realise your immortality,
you will experience the soul. (7)

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે.

Par prem pravaah badhe prabhusen,
sab aagambhed su-ura basen;
Vaha kevalko beej gyaanee kahe,
nijko anubhau batalaai diye.

As we bring our love away from
outward objects towards the Lord,
The insight of all scriptures will be
established in our hearts.
Saints call this the seed of
omniscience.
Please show me the means to
experience my true nature. (8)

.

Shrimad Rajchandra Vachanamrut Letter 265, Page 296



# 9. ક્ષમાપના

9. Kshamaapanaa
Seeking Forgiveness

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં.

He Bhagvaan! Hun bahu bhooli gayo. Men tamaaraan amoolya vachanne lakshmaan leedhaan naheen. Tamaaraan kahelaan anupam tattvano men vichaar karyo naheen. Tamaaraan praneet karelaan uttam sheelne sevyun naheen. Tamaaraan kahelaan dayaa, shaanti, kshamaa ane pavitrataa men olakhyaan naheen.

Oh Lord! I have erred a great deal. I have not focused on your invaluable teachings. My contemplation has not fathomed the depth of your unique truth. I have not observed the noble conduct prescribed by you. I have not recognised the compassion, peace, forgiveness and purity defined by you.

હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું.

He Bhagvan! Hun bhoolyo, aathadyo, razalyo ane anant sansaarnee vitambanaamaan padyo chhun. Hun paapee chhun. Hun bahu madonmatt ane karmarajthee kareene malin chhun.

O Lord, I have erred, stumbled, wandered aimlessly, and have fallen into the infinite troubles of worldly life. I am sinful, intoxicated with pride and tainted by karmic dust.

હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું.

He Paramaatmaa! Tamaaraan kahelaan tattva vinaa maaro moksha nathee. Hun nirantar prapanchmaan padyo chhun, agnaanthee andh thayo chhun, maaraamaan vivekshakti nathee ane hun moodh chhun, hun niraashrit chhun, anaath chhun.

O Ultimate Soul! There is no Moksha for me without your truth. I am continuously in worldly illusions, I am blinded by delusion, I do not have discriminative intelligence, I am in folly, foolish, I am without support and shelter,

નીરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનીનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઇ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

Neeraagee Paramaatmaa! Hun have tamaarun, tamaaraa dharmanun ane tamaaraa muninun sharan grahun chhun. Maaraa aparaadh kshay thai hun sarva paapthee mukta thaun e maaree abhilaashaa chhe. Aagal karelaan paapono hun have pashchaattaap karun chhun. Jem jem hun sukshma vichaarthee oondo ootarun chhun tem tem tamaaraa tattvanaa chamatkaaro maaraa svaroopno prakaash kare chhe.

O totally detached great soul, I seek shelter in you, your dharma and your monks. I firmly desire that my offences be destroyed and I become free of all my sins. I hereby repent for my earlier sins. As I delve deeper and deeper with subtle thoughts, the wonders of your truth cast light on upon my true nature.

તમે નીરાગી, નિર્વિકારી, સત્‌ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું.

Tame neeraagee, nirvikaaree, satchidaanandsvaroop, sahajaanandee, anantgnaanee, anantdarshee ane trailokyaprakaashak chho. Hun maatra maaraa hitne arthe tamaaree saakshie kshamaa chaahun chhun.

You are totally detached, free from worldly engrossment, by nature eternal-conscious-blissful (sat-chit-aanand-svaroop), naturally blissful, all knowing, all-perceiving and you cast light on all three worlds (trai-lokya-prakaashak).
In your witness I seek forgiveness purely for the sake of my upliftment.

એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ! હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

Ek pal pan tamaaraan kahelaan tattvanee shankaa na thaay, tamaaraa kahelaa rastaaman ahoraatra hun rahun, e ja maaree aakaankshaa ane vrutti thaao! He sarvagna Bhagvaan! Tamne hun vishesh shun kahun? Tamaaraathee kain ajaanyun nathee. Maatra pashchaattaapthee hun karmajanya paapnee kshamaa ichchhun chhun.

May my desire and inclination be that I do not doubt your truth for a moment, that I remain day and night on the path you have expounded. O omniscient lord! What can I say to you? Nothing is unknown to you. Purely with repentance, I seek forgiveness for my karma-incited sins.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

Aum Shaantih, Shaantih, Shaantih

Om Peace, Peace, Peace.

Mokshamaala Sikshaapaath 56,
Shrimad Rajchandra Vachanamrut Letter 17, Page 98

# 10. છ પદનો પત્ર

## 10. Chha Padno Patra

## The Letter of Six Affirmations

અનન્ય શરણના આપનાર એવા
શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

Ananya sharannaa aapnaar evaa
shree sadgurudevne atyant bhaktithee namaskaar.

To the divine True Guru who gives incomparably unique shelter, I pay reverence with extreme deep devotion.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્‌દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

Shuddh aatmasvaroopne paamyaa chhe evaa gnaaneepurushoe neeche kahyaan chhe te chha padne samyagdarshannaa nivaasnaan sarvotkrusht sthaanak kahyaan chhe.

The self-realised souls who have experienced the pure nature of the soul, have stated that the Six Affirmations mentioned below are the foremost abode of self-realisation.

### પ્રથમ પદ: ‘આત્મા છે.’

જેમ ઘટપટઆદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

### Pratham pad: ‘Aatmaa chhe.’

Jem ghatpataadi padaartho chhe, tem aatmaa pan chhe.  Amuk gun hovaane leedhe jem ghatpat aadi hovaanun pramaan chhe, tem svaparprakaashak evee chaitnyasattaano pratyaksh guna jene vishe chhe evo aatmaa hovaanun pramaan chhe.

### First Affirmation: **The Soul Exists.**

Just as objects like pots and fabric exist, so does the atma. The proof of the existence of pots and fabric rests on the existence of certain of their defining characteristics.  Similarly, the proof of the existence of the atma rests on the existence of the power of consciousness, which can know both itself and others.

## બીજું પદ: 'આત્મા નિત્ય છે.'

ઘટપટઆદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

### Bijun pad: 'Aatmaa nitya chhe.'

Ghatpataadi padaartho amuk kaalvartee chhe. Aatmaa trikaalvartee chhe. Ghatpataadi sanyoge karee padaarth chhe. Aatmaa svabhaave kareene padaarth chhe; kem ke tenee utpatti maate koi pan sanyogo anubhavyogya thataa nathee. Koi pan sanyogee dravyathee chetansattaa pragat thavaa yogya nathee, maate anutpanna chhe. Asanyogee hovaathee avinashee chhe, kemke jenee koi sanyogthee utpatti na hoy, teno koine vishe lay pan hoy naheen.

## Second Affirmation: **The Soul is Eternal**

Pots and fabric remain for a limited time. The soul remains for all time. Pots and fabric result from combinations of atoms. The soul is in and of itself. There is not a single combination from which the soul is formed. The power of consciousness does not arise from any compound substance, which means it is not created. Arising from no combinations, it is eternal, as that which does not arise from any combinations cannot come to an end due to them.

## ત્રીજું પદ: ‘આત્મા કર્તા છે.’

સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે, માટે કર્તા છે. એ કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહીત) વ્યવહારથી તે આત્મા દ્રવ્ય કર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

### Trijun pad: ‘Aatmaa kartaa chhe.’

Sarva padaarth arthakriyaasampanna chhe. Kain ne kain parinaamkriyaa sahit ja sarva padaarth jovaamaan ave chhe. Aatmaa pan kriyaasampanna chhe. Kriyaasampanna chhe, maate kartaa chhe. E kartaapanun trividha shree Jine vivechyun chhe; paramaarththee svabhaavparinatie nijsvaroopno kartaa chhe. Anupcharit (anubhavmaan aavvaa yogya, vishesh sambandh saheet) vyavahaarthee te aatmaa dravya karmano kartaa chhe. Upachaarthee ghar, nagar aadino kartaa chhe.

## Third Affirmation: **The Soul is the Author (of karma)**

All substances have a functionality. We witness all substances conducting various fruitful activities. The soul is also active, and is thus an author of action. The Jinas have declared three types of such activity. From the absolutist perspective, realising its own self, it is the cause of its own self. From the perspective known as Anupacharit (that which can come into experience, with respect to a specific relationship) Convention (Vyavahaar), that soul is the author of physical (dravya) karma. By the perspective known as Upcharit Convention, it is the author of homes, towns and so on.

(Note: These two perspectives have some formal technical definitions. The first is technically known as Anupacharit Asadbhut Vyavahaarnay, which takes as it subject the relationship between two objects which are distinct yet associated by a specific relationship. While the soul and body are known to be totally distinct, it is from this perspective that the soul describes the body as itself, by taking into account that they occupy the same space, which is their specific relationship. The same is true for the physical (dravya) karma accruing to the soul.

The second perspective is technically known as Upacharit Asadbhut Vyavahaarnay. This perspective describes two totally distinct objects as being one: When the soul places a sense of possessive identification, or its stamp of “me-and-mine”, on an object such as a horse, an elephant, or a home, all items which are totally distinct in nature from it.

Even though these translations appear to make the text accessible in English, it’s true meaning can only be understood directly from a self-realised True Guru.)

## ચોથું પદ: 'આત્મા ભોક્તા છે.'

જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

## Chothun pad: 'Aatmaa bhoktaa chhe.'

Je je kain kriyaa chhe te te sarva safal chhe, nirarthak nathee. Je kain pan karvaamaan aave tenun fal bhogavvaamaan ave evo pratyaksh anubhav chhe. Vish khaadhaathee vishnun fal; saakar khaavaathee saakarnun fal; agnisparshthee te agnisparshnun fal; himne sparsh karvaathee himasparshnun jem fal thayaa vinaa rahetun nathee, tem kashaayaadi ke akashaayadi je kain pan parinaame aatmaa pravarte tenun fal pan thavaa yogya ja chhe, ane te thaay chhe. Te kriyaano aatmaa kartaa hovaathee bhoktaa chhe.

## Fourth Affirmation: **The Soul Endures (the fruit of karma).**

Whichever actions there are, they are all fruitful, and not futile. We directly experience that all that is done bears fruit which we must endure. Consuming poison results in poisoning; swallowing sugar leads to the experience of sweetness; touching fire leads to its own fruit. Just as touching snow is not without one feeling cold, so whatever the soul's conduct, passionate or dispassionate, it must result in some kind of fruit, and it does. The soul, being the author of such actions, endures their fruits.

## પાંચમું પદ: 'મોક્ષપદ છે.'

જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું; તે કર્મનું ટળવાપણું પણ છે; કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઇ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઇ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

## Paanchmun pad: 'Mokshapad chhe.'

Je anupcharit vyavahaarthee jeevane karmanun kartaapanun niroopan karyun, kartaapanun hovaathee bhoktaapanun niroopan karyun; te karmanun talvaapanun pan chhe; kem ke pratyaksha kashaayaadinun teevrapanun hoya pan tenaa anabhyaasthee, tenaa aparichaythee, tene upasham karavaathee, tenun mandpanun dekhaay chhe, te ksheen thavaa yogya dekhaay chhe, ksheen thai shake chhe. Te te bandhbhaav ksheen thai shakvaa yogya hovaathee tethee rahit evo je shuddh aatmasvabhaav te roop mokshapad chhe.

## Fifth Affirmation: **There is a State Known as Moksha.**

The soul is said to author karma according to the convention known as anupcharit vyavahaar. Due to this authorship the soul endures karma. This authorship is capable of cessation. While there is intensity of the passions, by refraining from them, reducing familiarity with them, by calming them, this intensity is diluted. These passions appear capable of elimination, and can be gradually eliminated. These binding inclinations being capable of elimination, devoid of them, the pure state of the atma's true nature, is the state of Moksha.

## છઠ્ઠું પદ: 'તે મોક્ષનો ઉપાય છે.'

જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

## Chhatthun pad: 'Te mokshano upaay chhe.'

Jo kadee karmabandh maatra thayaa kare em ja hoy, to tenee nivrutti koi kaale sambhave naheen; pan karmabandhthee vipareet svabhaavvaalaan evaan gnaan, darshan, samaadhi, vairaagya, bhaktyaadi saadhan pratyaksh chhe; je saadhanna bale karmabandh shithil thaay chhe, upsham paame chhe, ksheen thaay chhe. Maate te gnaan, darshan, sanyamaadi moskshapadnaa upaay chhe.

## Sixth Affirmation: **There is a Means to Moksha.**

If it were the case that karmic bondage simply continuously occurred, then we would never be free of it. But there exist means opposite in nature to karmic bondage, such as knowledge, perception, samadhi (absorption in meditation), detachment and bhakti. Through the power of these observances, karmic bondage is weakened, suppressed, destroyed and eliminated, and thus, knowledge, perception, restraint and others constitute the path to Moksha.

શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનનાં મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઇ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે.

Shree gnaaneepurushoe samyakdarshannaan mukhya nivaasabhoot kahyaan evaan aa chha pad atre sankshepmaan janaavyaan chhe. Sameepmuktigaamee jeevne sahaj vichaarmaan te sapramaan thavaa yogya chhe, param nishchayroop janaavaa yogya chhe, teno sarva vibhaage vistaar thai tenaa aatmaamaan vivek thavaa yogya chhe.

The Six Affirmations, which Enlightened Saints have declared to be the foremost abode of self-realisation, have been stated briefly here. Souls who only have a few lives left before Moksha will intuitively accept them, will feel them to be supremely real. Comprehensive analysis of them will firmly engrain them in the soul, helping him to discriminate between soul and matter.

આ છ પદ અત્યંત સંદેહ રહિત છે, એમ પરમપુરુષે નિરુપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે.

Aa chha pad atyant sandeh rahit chhe, em parampurushe nirupan karyun chhe. E chha padno vivek jeevne svasvaroop samajvaane arthe kahyo chhe.

Great souls have proclaimed these Six Affirmations as totally beyond doubt. Insight into the Six Affirmations has been given so as to enable the soul to understand its own true self.

અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે.

Anaadi svapnadashaane leedhe utpanna thayelo jeevno ahambhaav, mamatvabhaav te nivrutt thavaane arthe aa chha padnee gnaaneepurushoe deshanaa prakaashee chhe.

The self-realised saints have cast light on these Six Affirmations in order to free the soul from its sense of me- and mine-ness born of the dreamlike state it has been in since time immemorial.

તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં જાગૃત થઇ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્દર્શનને પ્રાપ્ત થઇ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ ઉત્પન્ન ન થાય.

Te svapnadashaathee rahit maatra potaanun svaroop chhe, em jo jeeva parinaam kare, to sahaj maatramaan jaagrut thai samyakdarshanne praapt thaay; samyakdarshanne praapt thai svasvabhaavroop mokshane paame. Koi vinaashee, ashuddh ane anya evaa bhaavne vishe tene harsh, shok, sanyog utpanna na thaay.

If the soul brings itself to the realisation, that beyond the dreamlike state lies its own pure nature, then it instantly awakens itself and attains self-realisation; after self-realisation, it can attain Moksha in the form of its own true nature. It will then not experience joy or sorrow from, or become embroiled in, fleeting, impure and other such feelings.

તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતર રહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવ પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઇ છે, તેથી કેવળ પોતાનું ભીન્નપણું જ છે, એમ સ્પષ્ટ – પ્રત્યક્ષ - અત્યંત પ્રત્યક્ષ - અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી.

Te vichaare svasvaroopne vishe ja shuddhpanun, sampoornapanun, avinaasheepanun, atyant aanandpanun, antar rahit tenaa anubhavmaan aave chhe. Sarva vibhaav paryaaymaan maatra potaane adhyaasthee aikyataa thai chhe, tethee keval potaanun bhinnapanun ja chhe, em spasht - pratyaksh - atyant pratyaksh - aparoksh tene anubhav thaay chhe. Vinaashee athavaa anya padaarthna sanyogne vishe tene isht-anishtpanun praapt thatun nathee.

This realisation will lead to an unencumbered experience within itself of its own purity, completeness, eternity, and ecstasy. It directly and clearly experiences the inner self when it comes out of this recurring habit of falsely identifying itself with every worldly manifestation. Thus, its real identity is totally distinct. It no longer experiences like and dislike toward ephemeral objects from which it is distinct.

જન્મ, જરા, મરણ રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે; અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

Janma, jaraa, maran rogaadi baadhaarahit sampoorna maahaatmyanun thekaanun evun nijsvaroop jaanee, vedee te krutaarth thaay chhe. Je je purushone e chha pad sapramaan evaan param purushnaan vachane aatmaano nishchay thayo chhe, te te purusho sarva svaroopne paamyaa chhe; Aadhi, vyaadhi, upaadhi, sarva sangthee rahit thayaa chhe, thaay chhe; ane bhaavikaalmaan pan tem ja thashe.

Understanding and experiencing its own majesty, as unperturbed by birth, ageing, death, illness and so on, it attains fulfilment. In the past, present and future, all those people who have come to firmly believe these Six Affirmations through the words of a great soul have all attained their true nature; they have become free of mental, physical and all other troubles, have become free of all associations.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

Je satpurushoe janma, jaraa, maranno naash karvaavaalo, svasvaroopmaan sahaj avasthaan thavaano updesh kahyo chhe, te satpurushone atyant bhaktithee namaskaar chhe. Tenee nishkaaran karunaane nitya pratye nirantar stavvaamaan pan aatmasvabhaav pragate chhe, evaa sarva satpurusho, tenaa charanaarvind sadaay hradayane vishe sthaapan raho!

May there be extreme devotion towards the saint who has explained how to easily overcome birth-ageing-death and how to naturally remain in the self. Even continuously extolling his selfless compassion, awakens the true nature of the self. May the lotus feet of such a saint remain eternally established in the heart.

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઇ, નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે; કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઇ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો!

Je chha padthee siddh chhe evun aatmasvaroop te jenaa vachanne angeekaar karye sahajmaan pragate chhe, je aatmasvaroop pragatvaathee sarva kaal jeeva sampoorna aanandne praapt thai nirbhay thaay chhe, te vachannaa kahenaar evaa satpurushnaa gunnee vyaakhyaa karvaane ashakti chhe, kem ke jeno pratyupkara na thai shake evo paramaatmabhaav te jaane kain pana ichchhyaa vinaa maatra nishkaaran karunaasheeltaathee aapyo, em chhataan pan jene anya jeevane vishe aa maaro shishya chhe, athavaa bhaktino kartaa chhe, maate maaro chhe, em kadee joyun nathee, evaa je satpurush tene atyant bhaktie faree faree namaskaar ho!

By accepting the words of a saint, the nature of the soul, established by means of the Six Affirmations, is manifested. By realising this nature of the soul, the soul attains pure eternal happiness and becomes fearless. The spiritual virtues of such a saint are impossible to articulate, for they have given us the means to attain the inner state of the ultimate soul (Paramaatmabhaav), for which words cannot express enough gratitude, and he has given without any desire and with totally selfless compassion. Despite this, he does not have a feeling of possessiveness towards any other soul, that “this is my disciple, devoted to me, and so is mine.” Let there be profound homage again and again for such a saint.

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દ્રષ્ટિગોચર થઇ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

Je satpurushoe sadgurunee bhakti niroopan karee chhe, te bhakti maatra shishyanaa kalyaanne arthe kahee chhe. Je bhaktine praapt thavaathee sadgurunaa aatmaanee cheshtaane vishe vrutti rahe, apoorva gun drashtigochar thai anya svachchhand mate, ane saheje aatmabodh thaay em jaaneene je bhaktinun niroopan karyun chhe, te bhaktine ane te satpurushone faree faree trikaal namaskaar ho!

The devotion towards the True Guru which is propagated by the saints is simply for the benefit of the disciple. By attaining this devotion, the inclinations are drawn towards the inner conduct of the true guru, his unique virtues come into sight, other types of hubris are cured, and insight into the soul is easily attained. Knowing this, he has emphasised devotion towards the True Guru. Let there be eternal veneration for the saint, and to this devotion.

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઇ નથી પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, ...

Jo kadee pragatpane vartamaanmaan kevalgnaannee utpatti thai nathee pan jenaa vachannaa vichaaryoge shaktipane kevalgnaan chhe, em spasht jaanyun chhe, shraddhaapane kevalgnaan thayun chhe, vichaardashaae kevalgnaan thayun chhe, ichchhaadashaae kevalgnaan thayun chhe, mukhya naynaa hetuthee kevalgnaan varte chhe, ...

Even though total enlightenment does not manifestly arise in current times, by contemplating the words of this saint (who draws from the enlightenment of the Tirthankars), I have come to clearly know my potential for total enlightenment. I have attained faith that I can become enlightened, have contemplated enlightenment rationally, aspire to be enlightened and realise that from the absolute viewpoint, the soul is enlightened by nature.

**... તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!**

... te kevalgnaan sarva avyaabaadh sukhanun pragat karanaar, jenaa yoge sahaj maatramaan jeeva paamvaa yogya thayo, te satpurushnaa upkaarne sarvotkrusht bhaktie namaskaar ho! Namaskaar ho!

This enlightenment is the source of boundless bliss. Let there be the utmost veneration to the grace of the saint, in whose presence, the soul naturally and easily becomes worthy of attaining enlightenment. Let there be reverence.

Shrimad Rajchandra Vachanaamrut Letter 493, Page 394

# 11. વીતરાગનો કહેલો માર્ગ

11. Veetraagno Kahelo Maarg

The Path Preached by the Equanimously Detached Lord

ૐ

AUM

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને માટે બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

Veetaraagno kahelo param shaant rasmay dharma poorna satya chhe, evo nischay raakhvo. Jeevanaa anadhikaareepanaane leedhe tathaa satapurushnaa yog vinaa samajaatun nathee; to pan tenaa jevun jeevne sansaar rog mataadvaane maate beejun koi poorna hitkaari aushadh nathee, evun vaaramvaar chintvan karvun.

We should firmly accept that the most peaceful, enthused path described by the equanimously detached lord is totally true. Due to the soul's unworthiness and the absence of a personification of truth, it cannot be understood. Yet there is no other totally uplifting cure for the disease of embodiment. Contemplate over this.

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ! નિવૃત્તિ થાઓ!!

Aa param tattva chhe, teno mane sadaay nishchay raho; e yathaarth svaroop maaraa hradayane vishe prakaash karo, ane janmamaranaadi bandhanthee atyant nivrutti thaao! Nivrutti thaao!!

This is the supreme truth, may I remain ever resolute in this. May this truth about the path enlighten my heart, and may I become totally free, completely free, from the bondage of death and rebirth.

હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ, કાંઇક વિચાર, પ્રમાદ છોડી, જાગૃત થા! જાગૃત થા!! નહીં તો રત્ન ચિંતામણિ જેવો આ મનુષ્ય દેહ નિષ્ફળ જશે.

He jeeva! Aa kleshroop sansaar thakee, viraam paam, viraam paam; kaink vichaar, pramaad chhodee, jaagrut thaa! Jaagrut thaa!! Naheen to ratna chintaamani jevo aa manushya deh nishfal jashe.

O soul, take respite, respite, from this stressful world. Think a little, abandon laxity and awaken! Awaken! Or this human life, which is so very rare (like the wish-fulfilling jewel called Ratnachintamani), will go to waste.

હે જીવ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.

He jeeva! Have taare satpurushnee aagnaa nischay upaasvaa yogya chhe.

O soul, you now must heed the command of a personification of the truth (satpurush).

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

Aum Shaantih, Shaantih, Shaantih

Om Peace, Peace, Peace.

Shrimad Rajchandra Vachanaamrut, Letter 505, Page 406

હ કામ! હે માન! હે સંગઉદય!
હે વચનવર્ગણા! હે મોહ! હે મોહદયા!
હે શિથિલતા! તમે શા માટે અંતરાય કરો છો?
પરમ અનુગ્રહ કરીને
હવે અનુકૂળ થાઓ! અનુકૂળ થાઓ.

He kaam! He maan! He sanguday!
He vachanvarganaa! He moh! He mohdayaa!
He shithiltaa!
Tame shaa maate antaraay karo chho?
Param anugrah kareene have anukool thaao!
Anukool thaao.

O desire! O pride! O the arising of association!
O substance of speech!
O delusion! O deluded compassion!
O complacency! Why do you obstruct me?
Greatly oblige me and become conducive, conducive!

Aabhyantar Parinaam Avlokan, Haathnondh 2, 19, Page 823

# 12. પ્રાતઃકાળની સ્તુતિ

12. Praatahakaalnee Stuti
(Early Morning Hymn)

મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, શબ્દજીતરવાત્મજમ્;
રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્.

Mahaadevyaah kukshiratnam,
shabdajeetavaraatmajam;
Raajchandramaham vande,
tattvalochanadaayakam.

The jewel born to mother Devba,
the master of the word, son of
Ravjibhai
I render obeisance to Rajchandra,
the light of whose wisdom has
bestowed divine eyes to see the
truth. (1)

જય ગુરુદેવ! સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ શુદ્ધ
ચૈતન્યસ્વામી.

Jay gurudev!
Sahajaatmasvaroop paramguru
shuddh chaitanyasvaamee.

Glory be to you, o divine guru!
Gracefully still in your true
nature, you are the supreme
guru, master of your pure
consciousness. (2)

ૐકારં બિંદુ સંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગીનઃ,
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ

Omkaaram bindu sanyuktam,
nityam dhyaayanti yogeenah,
Kaamadam mokshadam chaiva,
omkaaraaya namo namaha.

Yogis (spiritual seekers) constantly
meditate focusing on the omkar mantra.
It satisfies the noblest of all desires,
namely Moksha.
I repeatedly pay homage to the five
supreme beings (Panch Parmeshti)
symbolised by the omkar mantra.
[These five are: Arihant, Siddh,
Aachaarya, Upaadhyaay, Saadhu] (3)

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન,
નમો તાહિ જાતે ભયે, અરિહંતાદિ મહાન;

Mangalamay mangalakaran,
veetaraag vignaan,
Namo taahi jaate bhaye,
arihantaadi mahaan;

Auspicious source of true bliss, the
Totally Equanimous Enlightenment
of the Lord who is free from
deluded attachment,
Worship of this wisdom confers
a glorious status such as that of
Arihant. (4)

વિશ્વભાવ વ્યાપિ તદપિ, એક વિમલ ચિદ્રૂપ,
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ;

Vishvabhaav vyaapi tadapi,
ek vimal chidroop,
Gnaanaanand maheshvaraa,
jayavantaa Jinabhoop;

One who is pure consciousness, having overcome all impurity, purely witnesses all modifications within the universe;
Immersed in the ecstasy of self (knowledge), O noblest divinity, glory be to you, O lord Jina. (5)

મહત્તત્વ મહનીયમહ: મહાધામ ગુણધામ,
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ.

Mahattatva mahaneeyamahah
mahaadhaam gunadhaam;
Chidaanand paramaatamaa,
vando ramataa raam.

Oh Glorious one! Worshipful, divinely great shelter, treasury of virtues,
Consciously blissful, almighty soul, I bow and pay obeisance to you as you reside in your ecstasy. (6)

તીન ભુવન ચૂડા રતન, સમ શ્રી જિનકે પાય,
નમત પાઈએ આપ પદ, સબ વિધિ બંધ નશાય.

Teen bhuvan chudaa ratan,
sam shree Jinake paay;
Namat paaie aap pad,
sab vidhi bandh nashaay.

The most precious gem (Chudaaratna) in the three worlds is used to describe the greatness of the shelter of Lord Jina's feet,
Paying homage leads to self-realisation. It is his shelter that will destroy all the means by which bondage is caused. (7)

નમું ભક્તિભાવે, ઋષભ જિન શાંતિ અઘ હરો,
તથા નેમિ પાર્શ્વ, પ્રભુ મમ સદા મંગલ કરો;
મહાવીરસ્વામી, ભુવનપતિ કાપો કુમતિને,
જિના શેષા જે તે સકલ મુજ આપો સુમતિને.

Namun bhaktibhaave,
Rushabh Jina Shaanti agh haro,
Tathaa Nemi Paarshva,
prabhu mama sadaa mangal karo;
Mahaaveersvaamee,
bhuvanpati kaapo kumatine,
Jinaa sheshaa je te
sakal muj aapo sumatine.

I bow with devotion to Jinas Rushabhdev and Shantinath, and by doing so, I beseech you to remove my sins. Also Neminath, Parshvanath, always bless
me with spiritual welfare; O! Mahavir Swami, the Lord of the three worlds, please destroy my delusion, and all remaining Jinas, I pray that you grant me true wisdom. (8)

અર્હંતો ભગવંત ઇન્દ્રમહિતાઃ
સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ
પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રીસિદ્ધાન્તસુપાઠકા મુનિવરા,
રત્નત્રયારાધકાઃ
પંચૈ તે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં
કુર્વન્તુ વો મંગલમ્.

Arhanto bhagvant indramahitaah,
siddhaashcha siddhisthitaah,
Aachaarya Jinashaasanonnatikaraah
poojyaa upaadhyaayakaah,
Shreesiddhaantsupaathakaa munivaraa,
ratnatrayaaraadhakaah,
Panchai te parameshthinah pratidinam
kurvantu vo mangalam.

Divine Arihanta, conquerors of the inner enemies, are venerable to even the kings of the heavens (Indra), the fully liberated Siddhas are enthroned in Siddha Shila:
Also the Acharyas – the spiritual leaders who foster the nobility of the faith, the tutors (Upadhyaya) who expound on the doctrine
The mendicants (Sadhu) who observe the three jewels (The three jewels which constitute that path to Moksha: right vision (self-realised perspective), right knowledge and right conduct)
I pay daily homage to these five supreme beings (panch parmeshti), so that they continue to be the cause of my spiritual upliftment. (9)

ભક્તામર પ્રણતમૌલિમણિ પ્રભાણા –
મુદ્યોતકં દલિતપાપતમોવિતાનમ્;
સમ્યક્પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા -
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્.

Bhaktaamar pranatamaulimani prabhaanaa -
Mudhyotakam dalitpaaptamovitaanam.
Samyakpranamya Jinapaadyugam yugaadaa -
Vaalambanam bhavjale patataam janaanaam.

When the heavenly gods bow down at the feet of Bhagavan Rishabhadev the jewels in their crowns sparkle in the radiance of his aura.
The sins of the lowly souls and the darkness of their delusion are removed.
True devotion at the feet of the Jinas is the best path as they are a support to those who have been falling into the ocean of worldly life over the ages. (10)

યઃ સંસ્તુતઃ સકલ વાઙ્મયતત્ત્વબોધા -
દુદ્ભૂતબુદ્ધિ પટુભિઃ સુરલોકાનાથૈઃ
સ્તોત્રૈર્જગત્ત્રિતય ચિત્તહરૈરુદારૈઃ
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્.

Yah sanstutah sakal
vaangamayatattvabodhaa -
Dudbhootbuddhi patubhih
suralokanaathaih.
Stotrairajagattritaya chittharairudaaraih
Stoshye kilahamapi tam
prathamam jinendram.

The Lord whose wisdom embraces the essence of all scriptures,
The celestial beings are in awe of him, because of this wisdom
He has won the hearts of souls in all three worlds.
All twenty-four Tirthankaras have been praised in pure hymns, I revere the first of them Shree Rushabhdev. (11)

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્,
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્;
દર્શનાદ્ દુરીતધ્વંસિ, વંદનાદ્ વાંચ્છિતપ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત સુરદ્રુમઃ.

Darshanam devdevasya,
darshanam paapnaashanam,
Darshanam svargsopaanam,
darshanam mokshasaadhanam;
Darshanaad duritdhvansi,
vandanaad vaanchchhitpradah
Poojanaat poorakah shreenan,
Jinah saakshaat suradrumah.

To be blessed by their perspective and vision, we first need to worship them with devout eyes.
Vision of the Lord of the Lords is the true vision, and (worship of) that vision destroys sins;
That vision is akin to a ladder to heaven and progressively that vision leads to Moksha;
That vision (self-realisation) eliminates the most difficult of karmas, Devotion to that vision fulfils all desires,
Proper (True) worship of the Jina bestows Moksha, so that the Jina is a wish-fulfilling tree (Kalpavriksha). (12)

પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવ નિધિ,
પ્રભુદર્શનસેં પામીએ, સકલ મનોરથ સિદ્ધિ.

Prabhudarshan sukhsampadaa,
prabhudarshan nav nidhi,
Prabhudarshansen paamie,
sakal manorath siddhi.

A worshipful vision of The Lord bestows happiness. That self-realisation unlocks the soul's treasure chests.
By means of that vision, our desire for enlightenment is fulfilled. (13)

જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;
રાજ નમે, પ્રજા નમે, આણ ન લોપે કોય.

Jeevadaa Jinvar poojee-e,
poojaanaan fal hoy;
Raaj name, prajaa name,
aan na lope koy.

O! Soul, when we worship Lord Jina, that worship will bear such a fruit that,
The King will bow and so will his subjects, and nobody will disobey your orders. (14)

કુંભે બાંધ્યું જળ રહે, જળ વિણ કુંભ ન હોય;
જ્ઞાને બાંધ્યું મન રહે, ગુરુ વિણ જ્ઞાન ન હોય.

Kumbhe baandhyun jal rahe,
jal vin kumbh na hoy;
Gnaane bhaandhyun man rahe,
guru vin gnaan na hoy.

A pot contains water, but without water, a pot cannot be made;
Similarly wisdom contains the mind, but, without a Guru, there can be no wisdom. (15)

ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર;
જે ગુરુવાણી વેગળા, રડવડીઆ સંસાર.

Guru deevo, guru devtaa,
guru vin ghor andhaar;
Je guruvaanee vegalaa,
radvadeeaa sansaar.

The Guru is the lamp, the Guru is the Lord himself, without the Guru there is absolute darkness;
Those bereft of the Guru's Word will continue to suffer in the vicious cycle of birth and death. (16)

તનકર, મનકર, વચનકર, દેત ન કાહુ દુઃખ;
કર્મ રોગ પાતિક ઝરે, નિરખત સદ્‌ગુરુ મુખ.

Tankar, mankar, vachankar,
det na kaahu dukh;
Karma rog paatik zare,
nirkhat sadguru mukh.

If, with body, mind or speech no pain is caused to anyone, surely the disease of karma will be destroyed, gazing on the True Guru's countenance. (17)

દરખતસેં ફળ ગિર પડ્યા, બુઝી ન મનકી પ્યાસ;
ગુરુ મેલી ગોવિંદ ભજે, મીટે ન ગર્ભાવાસ.

Darkhatsen fal gir padyaa,
boozee na manakee pyaas;
Guru melee Govind bhaje,
meete na garbhaavaas.

A fruit jumped from a tree (to a pond), but its thirst went unquenched.
Leaving the Guru to worship the Lord directly will not relieve one from rebirth. (18)

ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળ જ્ઞાન,

Bhaave Jinavar poojee-e,
bhaave deeje daan;
Bhaave bhaavnaa bhaaviye,
bhaave keval gnaan,

Worshiping the Jina with true feeling, giving charity with true feeling;
Contemplating the qualities of the soul with true feeling, these true feelings will lead to Omniscience. (19)

ત્વં માતા, ત્વં પિતા ચૈવ, ત્વં ગુરુસ્ત્વં બાંધવ:
ત્વમેક: શરણં સ્વામીન્ જીવિતં જીવિતેશ્વર:

Tvam maataa, tvam pitaa chaiva,
tvam gurustvam baandhavah,
Tvamekah sharanam svaamin
jeevitam jeeviteshvarah.

You alone are the mother, you alone are the father, you alone are the Guru, you alone are the brother.
O! Lord! you alone are my shelter, you are my everything, you are the Lord of my life. (20)

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
ત્વમેવ ભ્રાતા ચ સખા ત્વમેવ;
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ,
ત્વમેવ સર્વં મમ દેવ દેવ.

Tvameva maataa cha pitaa tvameva,
tvameva bhraataa cha sakhaa tvameva;
Tvameva vidhyaa dravinam tvameva,
tvameva sarvam mama deva deva.

You are my mother and you are my father, you are my brother and you are my friend.
You are my wisdom, you are my wealth, you are my everything, O Lord of all Lords! (21)

યત્સ્વર્ગાવતરોત્સવે
યદભવજ્જન્માભિષેકોત્સવે,
યદીક્ષા ગ્રહણોત્સવે
યદખિલજ્ઞાનપ્રકાશોત્સવે;
યન્નિર્વાણગમોત્સવે જિનપતેઃ
પૂજાદ્ભૂતં તદ્ભવૈઃ
સંગીતસ્તુતિમંગલૈ: પ્રસરતાં
મે સુપ્રભાતોત્સવઃ

Yatsvargaavatarotsave
yadbhavajjanmaabhishekotsave,
Yadeekshaa grahanotsave
yadakhilgnaanaprakaashotsave;
Yannirvaanagamotsave Jinapateh
poojaadbhootam tadbhavaih
Sangeetstutimangalaih prasarataan
me suprabhaatotsavah.

The celestial beings celebrate the descent of the Lord's soul from the celestial world.
They celebrate Lord's birth by anointing him.
They celebrate the Lord's adoption of renunciation.
They celebrate the light of the Lord's Omniscience.
They celebrate the Lord's departure for Moksha.
May the awesome worship through devotional songs of praise at these celebrations cause a jubilant spiritual dawn in me! (22)



# 13. વંદન તથા પ્રણિપાતસ્તુતિ

13. Vandan Tathaa Pranipaatstuti

Obeisance and Concluding Prayer

અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.

Aho! Aho! Shree sadguru,
karunaasindhu apaar;
Aa paamar par prabhu karyo,
aho! aho! upkaar.

Oh! My True Guru! Boundless ocean of compassion.
Oh! Lord! You have blessed this lowly soul with your amazing grace. (1)

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

Shun prabhucharan kane dharun,
aatmaathee sau heen,
Te to prabhue aapiyo,
vartun charanaadheen;

Lord! What can I offer at your feet? Anything is trifling compared to the atma.
And that too you have given me. All I can do is to serve at your feet. (2)

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

Aa dehaadi aajthee,
varto prabhu aadheen;
Daas, daas hun daas chhun,
teh prabhuno deen.

From today, may my body, and my all, be devoted to you, Lord;
I am a servant, a servant, a humble servant of my Lord. (3)

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

Shat sthaanak samajaaveene,
bhinna bataavyo aap;
Myan thakee taravaaravat,
e upkaar amaap.

Explaining the Six Affirmations, you have shown the distinct nature of the atma; Just like the sword in its sheath - I am thus blessed by your immeasurable grace. (4)

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.

Je svaroop samajyaa vinaa,
paamyo dukh anant;
Samajaavyun te pad namun,
shree sadguru bhagvant.

Without understanding my true self, I suffered unending misery.
I revere the divine True Guru who elucidated that true self to me. (5)

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

Parama purush prabhu sadguru,
paramgnaan sukhdhaam;
Jene aapyun bhaan nij,
tene sadaa pranaam.

Supreme one, Lord, my True Guru, of ultimate insight, the abode of bliss;
Who has shown me my true nature. May my veneration be eternal. (6)

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

Deh chhataan jenee dashaa,
varte dehaateet;
Te gnaaneenaa charanmaan,
ho vandan aganit.

One who lives in constant awareness of consciousness, despite possessing a physical body,
Let us pay endless homage at the feet of such a self-realised saint. (7)

Verses 1 - 4 are from Atma Siddhi verses 124-127 (Shrimad Rajchandra Letter 718, Page 526)
Vers 5 is from Atma Siddhi Verse 1,
Verse 6 is from Shrimad Rajchandra Vachanaamrut Letter 266, Part 2, Verse 1, Page 297
Verse 7 is from Atma Siddhi Verse 142

# હે પરમ કૃપાળુ દેવ

He Param Krupalu Dev

Oh Lord of Foremost Compassion

હે પરમકૃપાળુ દેવ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન વચન કાયાની એકાગ્રતાથી આપનાં ચરણારવિન્દમાં નમસ્કાર કરું છું. આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદય ને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

He param krupaalu dev! Janma, jaraa, maranaadi sarva dukhono atyant kshay karnaaro evo veetraag purushno mool maarg aap shreemade anant krupaa karee mane aapyo, te anant upkaarno pratiupkaar vaalvaa hun sarvathaa asamarth chhun; valee aap shreemat kain pan levaane sarvathaa nispruha chho; jethee hun man vachan kayaanee ekaagrataathee aapnaan charanaarvindmaan namaskaar karun chhun. Aapnee param bhakti ane veetraag purushnaa mool dharmanee upaasnaa maaraa hraday ne vishe bhavparyant akhand jaagrat raho etlun maagun chhun te safal thaao.


ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

Aum Shaantih, Shaantih, Shaantih

Oh lord of foremost compassion! You have bestowed upon me with infinite grace, the path of the totally and equanimously detached, which completely destroys the suffering of birth, ageing and death, and I am totally unworthy of repaying that grace you have given. Moreover, you are totally free of the desire to take anything; for which I pay homage at your lotus feet concentratedly with mind, speech and body in unison. May the highest devotion for you and may pursuit of the fundamental dharma of the equanimously detached ones remain firmly established in my heart incessantly throughout my life. This is what I ask and may that be fruitful.

Om Peace, Peace, Peace.

Shrimad Rajchandra Vachanaamrut Letter 417, Page 357



# 14. સાયંમકાળની સ્તુતિ તથા દેવવંદન

14. Saayamkaalnee Stuti Tathaa Devvandan

Evening Hymns and Veneration of the Lord

મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, શબ્દજીતરવાત્મજમ્;
રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્.

Mahaadevyaah kukshiratnam,
shabdajeetavaraatmajam;
Raajchandramaham vande,
tattvalochanadaayakam.

The jewel born to mother Devba,
the master of the word, son of
Ravjibhai
I render obeisance to Rajchandra,
the light of whose wisdom has
bestowed divine eyes to see the
truth. (1)

જય ગુરુદેવ! સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ શુદ્ધ ચૈતન્યસ્વામી.

Jay gurudev!
Sahajaatmasvaroop paramguru
shuddh chaitanyasvaamee.

Glory be to you, o divine guru!
Gracefully still in your true
nature, you are the supreme
guru, master of your pure
consciousness. (2)

ૐકારં બિંદુ સંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગીનઃ,
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ

Omkaaram bindu sanyuktam,
nityam dhyaayanti yogeenah,
Kaamadam mokshadam chaiva,
omkaaraaya namo namaha.

Yogis (spiritual seekers) constantly
meditate focusing on the omkar
mantra. It satisfies the noblest of
all desires, namely Moksha.
I repeatedly pay homage to the five
supreme beings (Panch Parmeshti)
symbolised by the omkar mantra.
[These five are: Arihant, Siddh,
Aachaarya, Upaadhyaay, Saadhu]
(3)

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન,
નમો તાહિ જાતે ભયે, અરિહંતાદિ મહાન;

Mangalamay mangalakaran,
veetaraag vignaan,
Namo taahi jaate bhaye,
arihantaadi mahaan;

Auspicious source of true bliss, the Totally Equanimous Enlightenment of the Lord who is free from deluded attachment,
Worship of this wisdom confers a glorious status such as that of Arihant. (4)

વિશ્વભાવ વ્યાપિ તદપિ, એક વિમલ ચિદ્રૂપ;
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ.

Vishvabhaav vyaapi tadapi,
ek vimal chidroop;
Gnaanaanand maheshvaraa,
jayavantaa Jinabhoop.

One who is pure consciousness, having overcome all impurity, purely witnesses all modifications within the universe;
Immersed in the ecstasy of self (knowledge), O noblest divinity, glory be to you, O lord Jina (5)

મહત્તત્વ મહનીયમહ: મહાધામ ગુણધામ,
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ.

Mahattatva mahaneeyamahah
mahaadhaam gunadhaam;
Chidaanand paramaatamaa,
vando ramataa raam.

Oh Glorious one! Worshipful, divinely great shelter, treasury of virtues,
Consciously blissful, almighty soul, I bow and pay obeisance to you as you reside in your ecstasy. (6)

તીન ભુવન ચૂડા રતન, સમ શ્રી જિનકે પાય,
નમત પાઈએ આપ પદ, સબ વિધિ બંધ નશાય.

Teen bhuvan chudaa ratan,
sam shree Jinake paay;
Namat paaie aap pad,
sab vidhi bandh nashaay.

The most precious gem (Chudaaratna) in the three worlds is used to describe the greatness of the shelter of Lord Jina's feet,
Paying homage leads to self-realisation. It is his shelter that will destroy all the means by which bondage is caused. (7)

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્,
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્;
દર્શનાદ્ દુરીતધ્વંસિ, વંદનાદ્ વાંચ્છિતપ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત સુરદ્રુમઃ.

Darshanam devdevasya,
darshanam paapnaashanam,
Darshanam svargsopaanam,
darshanam mokshasaadhanam;
Darshanaad duritdhvansi,
vandanaad vaanchchhitpradah
Poojanaat poorakah shreenan,
Jinah saakshaat suradrumah.

To be blessed by their perspective and vision, we first need to worship them with devout eyes.
Vision of the Lord of the Lords is the true vision, and (worship of) that vision destroys sins;
That vision is akin to a ladder to heaven and progressively that vision leads to Moksha;
That vision (self-realisation) eliminates the most difficult of karmas, Devotion to that vision fulfils all desires,
Proper (True) worship of the Jina bestows Moksha, so that the Jina is a wish-fulfilling tree (Kalpavriksha). (8)

પ્રભુદર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવ નિધિ;
પ્રભુદર્શનસેં પામીએ, સકલ મનોરથ સિદ્ધિ.

Prabhudarshan sukh sampadaa,
prabhu darshan nav nidhi;
Prabhudarshansen paamie,
sakal manorath siddhi.

A worshipful vision of The Lord bestows happiness. That self-realisation unlocks the soul's treasure chests. By means of that vision,
we attain all the mind's desires (for enlightenment). (9)

બ્રહ્માનંદં પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્,
દ્વન્દ્વાતીતં ગગનસદ્રશં તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્;
એકં નિત્યં વિમલમચલં, સર્વદા સાક્ષીભૂતમ્,
ભાવાતીતં ત્રિગુણરહીતં, સદ્ગુરું તં નમામિ;

Brahmaanandam param sukhadam
kevalam gnaanamoortim,
Dvandvaateetam gagansadrasham
tattvamasyaadi lakshyam;
Ekam nityam vimalamachalam,
sarvadaa saakshibhootam,
Bhaavaateetam trigunaraheetam,
sadgurum tam namaami;

Who is by nature divinely blissful, giver of the utmost happiness, embodiment of omniscience; Free from all duality, as all-pervasive as the sky, the very focus of utterances as "That Thou Art (Tat Tvam Asi)." Singular, eternal, pure, unwavering, always the silent witness to all. Beyond all inclinations, devoid of the three tendencies of material nature, I bow to such a True Guru. (10)

આનન્દમાનન્દકરં પ્રસન્નં,
જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્;
યોગીન્દ્રમીડયં ભવરોગવૈદ્યં,
શ્રીમદ્ ગુરું નિત્યમહં નમામિ.

Aanandamaanandakaram prasannam,
gnaanasvaroopam nijabodharoopam;
Yogeendramiyam bhavarogavaidyam,
shreemad gurun nityamaham namaami

Both happiness by nature and bestower of happiness, blissfully contented, conscious awareness by nature, manifestly an embodiment of the wisdom which he himself imparts, focussed inwardly and dwelling in his pure nature.
Praiseworthy lord of Yogis (spiritual strivers), the healer of the sickness of rebirth, I constantly bow to such a divinely virtuous True Guru. (11)

શ્રીમદ્ પરબ્રહ્મગુરું વંદામિ,
શ્રીમદ્ પરબ્રહ્મગુરું નમામિ;
શ્રીમદ્ પરબ્રહ્મગુરું ભજામિ,
શ્રીમદ્ પરબ્રહ્મગુરું સ્મરામિ.

Shreemad parabrahmagurum vandaami,
Shreemad parabrahmagurum namaami;
Shreemad parabrahmagurum bhajaami,
Shreemad parabrahmagurum smaraami.

I pay homage to the True Guru who is manifesting utmost divinity. I bow to such a guru.
I am devoted to such a guru and I constantly remember such a guru. (12)

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ

Gururbhrahmaa gururvishnu
gururdevo maheshvarah
Guruh saakshat parabhrahma
tasmai shree gurave namaha.

The guru is Brahma, the creator (of the path to moksha), the guru is Vishnu, all pervasive (from the perspective of his wisdom), and the guru is Maheshvar, the great divinity (as he has realised the divinity of the soul).
The guru is manifestly Parabrahma the greatest soul,(being detached and having realised the soul), and for this I worship him.
(Note: The verse contains names which are commonly used for popular Hindu aspects of the Divine. The translation focuses on the divine virtues which are actually the meanings of these names.) (13)

ધ્યાનમૂલં ગુરુમૂર્તિઃ, પૂજામૂલં ગુરુપદમ્;
મંત્રમૂલં ગુરુવાક્યં, મોક્ષમૂલં ગુરુકૃપા.

Dhyaanamoolam gurumoortih,
poojamoolam gurupadam;
Mantramoolam guruvaakyam,
mokshamoolam gurukrupaa.

The idol of the guru is the foundation for meditation. Taking shelter at his feet is the foundation for worship.
The words emanating from the guru are the foundation for all mantras (esoteric phrases), and his grace is the foundation for Moksha. (14)

અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્,
તત્પદં દર્શિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ

Akhandmandalaakaaram
vyaaptam yena charaacharam,
Tatpadam darshitam yena,
tasmai shree gurave namaha

The whole universe, full of beings capable and incapable of moving themselves, is known by the Lord.
I bow to the Guru for he has shown this to me. (15)

અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાંજનશલાકયા,
ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ

Agnaantimiraandhaanaam
gnaanaanjanashalaakayaa,
Chakshurunmilitam yena
tasmai shree gurave namaha

In the blind darkness of spiritual folly, opening my inner eye, by applying the collyrium of wisdom with his wand
Enabling me to see reality as it is, that is why I bow to him, the Guru. (16)

ધ્યાનધૂપં મનઃપુષ્પં, પંચેન્દ્રિય હુતાશનમ્,
ક્ષમાજાપ સંતોષપૂજા, પૂજ્યો દેવો નિરંજનઃ

Dhyanadhoopam manahapushpam,
panchendriya hutaashanam,
Kshamaajaap santoshapoojaa,
poojyo devo niranjanah

Like lit incense, I offer the self awareness ignited by meditation, offering the flower of my mind, I sacrifice my attraction towards the objects of the five senses in the sacred fire,
Forgiveness is recited with my rosary and contentment is my worship. This is the true worship of the pure Lord. (17)

દેવેષુ દેવોઽસ્તુ નિરંજનો મે,
ગુરુર્ગુરુષ્વસ્તુ દમી શમી મે,
ધર્મેષુ ધર્મોઽસ્તુ દયાપરો મે,
ત્રિણ્યેવ તત્ત્વાનિ ભવે ભવે મે.

Deveshu devostu niranjano me,
gururgurushvastu damee shamee me,
Dharmeshu dharmostu dayaaparo me,
trinyeva tattvaani bhave bhave me.

Of all the gods, may the pure (free of Karma) god be mine. Of all gurus, the guru who controls (the senses) and quells (the passions) be my guru.
Of all dharmas, may the dharma of inner and outer compassion be my dharma. May I continue to attain all these three in all my lives. (18)

પરાત્પરગુરવે નમઃ
પરમપરાચાર્ય ગુરવે નમઃ
પરમગુરવે નમઃ
સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્ગુરવે નમો નમઃ

Paraatparagurave namaha
paramparaachaarya gurave namaha
Paramgurave namaha
saakshaat pratyaksh sadgurave namo namaha

Obeisance to the noblest gurus.
Obeisance to the gurus of great spiritual lineage.
Obeisance to the foremost gurus (such as Siddha and Arihanta), and Obeisance to the living True Gurus present amongst us. (19)

અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.

Aho! Aho! Shree sadguru,
karunaasindhu apaar;
Aa paamar par prabhu karyo,
aho! aho! upkaar.

Oh! My True Guru! Boundless ocean of compassion; Oh! Lord! You have blessed this lowly soul with your amazing grace. (20)

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપીયો, વર્તું ચરણાધીન.

Shun prabhucharan kane dharun,
aatmaathee sau heen;
Te to prabhue aapiyo,
vartun charanaadheen.

Lord! What can I offer at your feet? Anything is trifling compared to the atma.
And that too you have given me. All I can do is to serve at your feet. (21)

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

Aa dehaadi aajthee,
varto prabhu aadheen;
Daas, daas hun daas chhun,
teh prabhuno deen.

From today, may my body, and my all, be devoted to you, Lord;
I am a servant, a servant, a humble servant of my Lord. (22)

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

Shat sthaanak samajaaveene,
bhinna bataavyo aap;
Myanthakee taravaaravat,
e upkaar amaap.

Explaining the Six Affirmations, you have shown the distinct nature of the atma;
Just like the sword in its sheath - I am thus blessed by your immeasurable grace. (23)

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.

Je svaroop samajyaa vinaa,
paamyo dukh anant;
Samajaavyun te pad namun,
shree sadguru bhagvant.

Without understanding my true self, I suffered unending misery.
I revere the divine True Guru who elucidated that true self to me. (24)

### નમસ્કાર

જય જય ગુરુદેવ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ
શુદ્ધ ચૈતન્યસ્વામી અંતરજામી ભગવાન;
ઇચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થેણ વંદામિ.

### Namaskaar

Jay jay gurudev! Sahajaatmasvaroop
paramaguru shuddh chaitanyasvaami
antarjaami bhagvaan,
Ichhaami khamaasamano vandiun
jaavanijjae nisihiaae matthena vandaami.

O divine Guru! May you be forever victorious. Everlasting glory to you! O Lord! Gracefully still in your true nature, you are the foremost guru. You have attained pure consciousness and know the inner workings of others' minds. I wish to bow my forehead before you with all my ability and with pure feelings of devotion. (25)

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

Param purush prabhu sadguru,
paramgnaan sukhdhaam;
Jene aapyun bhaan nij,
tene sadaa pranaam.

Supreme one, Lord, my True Guru, of ultimate insight, the abode of bliss,
Who has shown me my true nature. May my veneration be eternal. (26)

નમસ્કાર

જય જય ગુરુદેવ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ
શુદ્ધ ચૈતન્યસ્વામી અંતરજામી ભગવાન;
ઇચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થેણ વંદામિ.

Namaskaar

Jay jay gurudev! Sahajaatmasvaroop
paramaguru shuddh chaitanyasvaami
antarjaami bhagvaan,
Ichhaami khamaasamano vandiun
jaavanijjae nisihiaae matthena vandaami.

O divine Guru! May you be forever victorious. Everlasting glory to you! O Lord! Gracefully still in your true nature, you are the foremost guru. You have attained pure consciousness and know the inner workings of others' minds. I wish to bow my forehead before you with all my ability and with pure feelings of devotion.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

Deh chhataan jenee dashaa,
varte dehaateet;
Te gnaaneenaa charanmaan,
ho vandan aganit.

One who lives in constant awareness of consciousness, despite possessing a physical body,
Let us pay endless homage at the feet of such a self-realised saint (27)

નમસ્કાર

**જય જય ગુરુદેવ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્યસ્વામી અંતરજામી ભગવાન; ઇચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ નિસિહિઆએ મત્થેણ વંદામિ.**

Namaskaar

Jay jay gurudev! Sahajaatmasvaroop paramaguru shuddh chaitanyasvaami antarjaami bhagvaan,
Ichhaami khamaasamano vandiun jaavanijjae nisihiaae matthena vandaami.

O divine Guru! May you be forever victorious. Everlasting glory to you! O Lord! Gracefully still in your true nature, you are the foremost guru. You have attained pure consciousness and know the inner workings of others' minds. I wish to bow my forehead before you with all my ability and with pure feelings of devotion.

**નમોઽસ્તુ નમોઽસ્તુ નમોઽસ્તુ, શરણં, શરણં, શરણં, ત્રિકાલ શરણં, ભવોભવ શરણં, સદ્‌ગુરુ શરણં, સદા સર્વદા, ત્રિવિધ ત્રિવિધ ભાવવંદન હો, વિનયવંદન હો; સમયાત્મક વંદન હો, ૐ નમોઽસ્તુ જય ગુરુદેવ શાંતિ; પરમ તારુ, પરમ સજ્જન, પરમ હેતુ, પરમ દયાળ,**

Namostu namostu namostu, sharanam, sharanam, sharanam, trikaal sharanam, bhavobhav sharanam, sadguru sharanam, sadaa sarvadaa,

Trividh trividh bhaavvandan ho, vinayvandan ho; samayaatmak vandan ho,

Om namostu jay gurudev shaanti; param taaru, param sajjan, param hetu, parama dayaal,

Oh Lord! May I pay obeisance to you! Obeisance! Obeisance! May I have your shelter! Shelter! Shelter! May I have your shelter in all three times. May I have you shelter in all lifetimes. Oh True Guru, may I have your shelter. For ever and always.

Let my trifold obeisances be with true feeling in thought, word and deed, May my obeisance be full of reverence. May every moment of my life be full of this veneration.

Glory be to those holy gurus symbolised by the Aum symbol, namely the five Parmeshti. Peace. Our saviour from worldly life, personification of Truth, cause of the path to Moksha, ocean of utmost compassion, (28)

**પરમ મયાળ, પરમ કૃપાળ, વાણી સુરસાળ, અતિ સુકુમાળ, જીવદયા પ્રતિપાળ, કર્મશત્રુના કાળ, "મા હણો  મા હણો" શબ્દના કરનાર, આપકે ચરણકમળમેં મેરા મસ્તક આપકે ચરણકમલ મેરે હૃદયકમળમેં અખંડપણે સંસ્થાપિત રહે, સંસ્થાપિત રહે, સત્પુરુષોંકા સત્સ્વરૂપ, મેરે ચિત્તસ્મૃતિકે પટ પર ટંકોત્કીર્ણવત્ સદોદિત, જયવંત રહે જયવંત રહે.**

Param mayaal, param krupaal, vaanee sursaal, ati sukumaal, jeevdayaa pratipaal, karmashatrunaa kaal, "maa hano maa hano" shabdanaa karnaar,

Aapke charan kamalmen meraa mastak,

Aapke charankamal mere hradaykamal-men akhandpane, sansthapit rahe, san-sthapit rahe,

Satpurushonka satsvaroop, mere chittsm-rutike pat par tankotkeernavat sadodit, jayvant rahe, jayvant rahe.

Embodiment of the supreme spiritual love, one with utmost grace, whose sweet words are of utmost benefit, with utmost tenderness, protector and remover of fear from all living beings, destroyer of the enemy, Karma, author of the phrase ' do not harm any living being, do not harm,'

May my head always remain bowed at your lotus feet,

May your lotus feet continuously be established in the lotus of my heart, may they remain established there,

May the true nature of the personification of Truth (Satpurush) remain constantly engraved and shine forth on the screen of my mind. Glory be to this nature. Praise be. (28 continued)

**આનન્દમાનન્દકરં પ્રસન્નં**
**જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્,**
**યોગીન્દ્રમીડયં ભવરોગવૈદ્યં**
**શ્રીમદ્ગુરું નિત્યમહં નમામિ.**

Aanandamaanandkaram prasannam,
gnaansvaroopam nijbodharoopam,
Yogeendramiyam bhavarogavaidyam
shreemadgurun nityamaham namaami.

Both happiness by nature and bestower of happiness, blissfully contented, knowledge by nature, manifestly an embodiment of his own wisdom, which he himself imparts, focussed inwardly and dwelling in his pure nature. Praiseworthy lord of Yogis (spiritual strivers), the healer of the sickness of rebirth, I constantly revere such a divinely virtuous True Guru. (29)

## શ્રી આત્મ-સિદ્ધિ શાસ્ત્ર

Shree Aatma-Siddhi Shaastra

Shree Aatma-Siddhi Scripture

## શ્રી સદ્ગુરુદેવાય નમો નમઃ

Aum Shree Sadgurudevaya Namo Namaha

Aum, Reverence to the Divine True Guru



# શ્રી આત્મ-સિદ્ધિ શાસ્ત્રની સ્તુતિ

Shree Aatma-Siddhi Shaastranee Stuti

In Praise of Shree Aatma-Siddhi Scripture

(ઝુલણા છંદ) (Zulnaa Chhand)

પતિતજનપાવની, સૂરસરિતા સમી,
અધમઉદ્ધારિણી, આત્મસિદ્ધિ;

Patitjanpaavanee, surasaritaa samee;
Adham uddhaarinee, aatmasiddhi.

Uplifter of the fallen, a divine river of music,
Saver of lost souls, Aatma Siddhi.

જન્મજન્માંતરો, જાણતા જોગીએ,
આત્મઅનુભવ વડે, આજ દીધી.

Janma Janmaantaro, jaanata jogee-e;
Aatma-anubhav vade, aaja deedhee.

The Yogi who has known his past births,
Through his self-realisation, has given this today.

ભક્ત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા,
ભવ્ય સૌભાગ્યની વિનતિથી;

Bhakta Bhageeratha samaa, bhaagyashaali mahaa;
Bhavya Saubhagyanee vinatithee.

As with the devoted Bhagirath, at the most fortunate
Noble Saubhagbhai's request,

ચારુતરભૂમિના, નગર નડિયાદમાં,
પૂર્ણ કૃપા પ્રભુએ કરી'તી.

Chaarutar bhoominaa, nagar nadiyaadmaan;
Poorna krupa prabhu-e kari'ti.

In the land of Charotar, in the town of Nadiad,
The Lord did this act of total compassion.

ॐ

Aum

# શ્રી આત્મ-સિદ્ધિ શાસ્ત્ર

Shree Aatma-Siddhi Shaastra

Shree Aatma-Siddhi Scripture



જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧

Je svaroop samajyaa vinaa, paamyo dukha anant;
Samajaavyun te pad namu, shree sadguru bhagavant.

Without understanding my true self, I suffered unending misery.
I revere the divine True Guru who elucidated that true self to me. (1)

---

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

Vartamaan aa kaalmaan, mokshamaarg bahu lop;
Vichaarva aatmaarthine, bhaakyo atra agopya.

In present dark times we have lost sight of the true path to Moksha.
This path is revealed here openly for seekers of truth to contemplate. (2)

---

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ. ૩

Koi kriyaajad thai rahyaa, shushkagnaanman koi;
Maane maarag mokshano, karunaa upaje joi.

